અવસાન પામેલ સરકારી કર્મચારી/અધિકારી /પેન્શનરના શારિરીક અથવા માનસિક અશકત સંતાનને આજીવન કુટુંબ પેન્શન મળવા બાબત.

ગુજરાત સરકાર

**નાણા વિભાગ,**

પરિપત્ર ક્રમાક : નવત-૨૦૦૧-ડી-૪૯૬-પી.

સચિવાલય, ગાંધીનગર.

તારીખ : ૮- ૪-૨૦૦૯

વંચાણે લીધા : (૧) ગુજરાત મૂલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ના નિયમ-૯૩ ની જોગવાઇ.

(૨) આ.પ.ક.વિ.ના ઠરાવ ક્રમાંક : હસપ-૧૦૨૦૦૨-જીએઓ-૩૬-અ, *તા. ૬-૧-૨૦૦૯*

**પરિપત્ર :**

ગુજરાત મૂલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ ના નિયમ-૯૩ અન્વયે અવસાન પામેલ સરકારી કર્મચારી/અધિકારી/પેન્શનરના શારિરીક અથવા માનસિક અશકત સંતાનને આજીવન કુટુંબ પેન્શન મળવા બાબતે તબીબી પ્રમાણ પત્ર મેળવીને જે તે સંબધિત સક્ષમ સત્તાધિકારી સમક્ષ રજુ કરવાની જોગવાઇ છે. આ જોગવાઇ અનુસાર લાભાર્થી સંતાન, વિકલાંગતા / અશકતતાના કારણસર પોતાનું ભરણ-પોષણ કરવા માટે કોઇ આર્થિક ઉપાર્જન કરી શકે તેવી સ્થિતિમાં નથી તેમ નક્કી કરવા બાબતે અરજદારને પડતી મુશ્કેલીઓ બાબતે નાણા વિભાગને મળેલ રજુઆતો સંબંધમાં પ્રસ્તુત નિયમોમાં કેટલીક વધુ સ્પષ્ટતા કરવાની બાબત આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના પરામર્શમાં વિચારણા હેઠળ હતી.

આથી ગુજરાત મૂલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ ના નિયમ-૯૩ ની જોગવાઇ અનુલક્ષીને ઉકત સંદર્ભ-(૨) માં દર્શાવેલ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તારીખ : ૬-૦૧-૦૯ ના ઠરાવથી જિલ્લા તબીબી બોર્ડની પુનઃ રચના કરવામાં આવેલ છે. અને શારિરીક વિકલાંગતા માટેના નિયત કરેલ *(Certificate for the person with Disabilities)* અને મંદબુધ્ધિ માટે *(Certificate for Mental Retardation for Government Benefites)* તબીબી પ્રમાણપત્રનો નમૂનો સુધારવામાં આવેલ છે. આમ શારિરીક અથવા માનસિક અશકતતા માટે નિયત કરેલ સંબંધકર્તા તબીબી પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. પ્રસ્તુત સુધારેલ સૂચનાઓને અનુલક્ષીને આ પ્રકારના કેસોનો ઝડપી નિકાલ કરવા પણ આથી જણાવવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના નામે અને તેમના હુકમથી.

(કે. બી. દાણી)

ઉપ સચિવ (પેન્શન)

નાણા વિભાગ

*(પાછળ..)*

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
  માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
  માન. મંત્રીશ્રીઓ /રાજય કક્ષાના મંત્રીશ્રીઓ /નાયબ મંત્રીશ્રીઓ તથા સંસદિય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
  માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય ગાંધીનગર.
  સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત રાજય તકેદારી આયોગ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ
- અધ્યક્ષશ્રી, ગુજરાત મૂલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
  સચિવાલયના સર્વે વિભાગો / સર્વે ખાતાના વડાઓ / સર્વે કચેરીઓના વડાઓ
  સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ / સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
  સર્વે નિગમ, બોર્ડ, યુનિવર્સિટીઓ / રાજય સરકારના જાહેર સાહસો.
  એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઑડિટ / એ એન્ડ ઇ) ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ
  નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
  પગાર અને હિસાબી અધિકારીશ્રી, સ.સ.ન. નિગમ લી. ગાંધીનગર / વડોદરા.
  નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.
  નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.
  નિરિક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર.
  સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ / પેટા તિજોરી અધિકારીશ્રીઓ
  પેન્શન ચૂકવણા અધિકારી, લાલ દરવાજા, અમદાવાદ
  સર્વે જિલ્લા સહાયક નિરિક્ષકશ્રી,
  નાણા વિભાગની તમામ શાખાઓ / સર્વે અધિકારીશ્રીઓ
  સિસ્ટમ મેનેજર, (TCS) નાણા વિભાગ, વેબ સાઇટ ઉપર મૂકવા સારૂ.
  <u>સિલેકટ ફાઇલ</u>
- પત્ર દ્વારા.